# પાકિસ્તાન ક્રિકેટ પર ફરી ફિક્સિંગનું ભૂત ચડ્યાના અહેવાલ

**સુરક્ષા** અધિકારીઓએ મહંમદ રિઝવાન અને ઇમામ ઉલ હકના ફોન લઇને તેમાંથી ડેટા ટ્રાન્સફર કરી લીધાના અહેવાલ

**લોર્ડ્સ** ટેસ્ટ પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા સાત ખેલાડી હાંકી કઢાયા તે ઘટના અન્ય બાબતો તરફ આંગળી ચીંધે છે

**પાકિસ્તાની** ક્રિકેટના આ નવા પ્રકરણથી લોર્ડસમાં જ 2010માં થયેલા ચકચારી સ્પોટ ફિક્સિંગની યાદ ફરી તાજી થઇ

લાહોર, તા. 07 : ત્રીજી ટેસ્ટ પહેલા ઈંગ્લેન્ડના પ્રવાસ પર સાત ખેલાડીઓને સ્વદેશ મોકલવા અને બે કોચ બદલવાના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના નિર્ણય પાછળ ગેરશિસ્ત કરતાં બીજું કંઈક હોવાનું જણાઇ રહ્યું છે. પાકિસ્તાની મીડિયામાં અનેક અહેવાલો ઈંગ્લેન્ડના પ્રવાસ પર પાકિસ્તાન ટીમને સંડોવતા સંભવિત 'ફિક્સિંગ' ચિંતાઓ તરફ ઈશારો કરી રહ્યા છે. પીસીબી દ્વારા કેટલાક ખેલાડીઓના મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યાના અહેવાલ પછી આ ચિંતાઓ વધુ તીવ્ર બની હતી. લોડ્ર્સમાં બીજી ટેસ્ટમાં હાર બાદ હોટેલ પરત ફરતી વખતે સુરક્ષા અધિકારીઓ દ્વારા બે ખેલાડીના ફોનમાંથી ડેટા ટ્રાન્સફર કરાયાના અહેવાલ છે, જોકે ખેલાડીઓના નામ જાહેરમાં જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ એવો દાવો કરવામાં આવ્યો છે કે આ બે ખેલાડી અનુભવી મોહમ્મદ રિઝવાન અને ઈમામ-ઉલ-હક છે.



જ્યારે PCB એ શરૂઆતમાં રિઝવાન, સલમાન અલી આગા, ઈમામ-ઉલ-હક, અલી ઉસ્માન, ખુર્રમ શહઝાદ , આમિર જમાલ અને મુહમ્મદ અવૈસ ઝફર જેવા ખેલાડીઓને ટીમમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો, ત્યારે શ્રેણીની પ્રથમ બે મેચમાં ટીમના નબળા પ્રદર્શનને કારણભૂત ગણાવવામાં આવ્યું. બોર્ડે મુખ્ય કોચ સરફરાઝ અહેમદ અને બોલિંગ કોચ ઉમર ગુલને પણ તેમની ફરજોમાંથી મુક્ત કરવાનો નિર્ણય લીધો. પાકિસ્તાની મીડિયા આઉટલેટ્સે હવે અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાન ક્રિકેટમાં ઘણા બધા ફેરફારો ક્રિકેટ કરતાં વધુ કારણોસર થયા હતા અને તે ફક્ત મેદાન પરના પ્રદર્શન સુધી મર્યાદિત ન હતા. પાકિસ્તાની ન્યૂઝ પોર્ટલ જિયો ન્યૂઝે દાવો કર્યો હતો કે પીસીબીએ બે ખેલાડીઓ, એટલે કે ઈમામ અને રિઝવાનના મોબાઈલ ફોનમાંથી ડેટા મેળવ્યો છે. ટીમ ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી માટે લંડનમાં રહી હતી ત્યારે તેમની પ્રવૃત્તિઓ અને સંપર્કોની તપાસ દરમિયાન બોર્ડ દ્વારા આ ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. લોડ્ર્સમાં ઈંગ્લેન્ડ સામે 194 રનથી થયેલી શરમજનક હાર બાદ ટીમના સુરક્ષા અધિકારીએ ઈમામ અને રિઝવાનના ફોન કબજે કર્યા હતા. તેમનો ડેટા બીજા ડિવાઈસમાં ટ્રાન્સફર થયાના કેટલાક કલાકો પછી આ ડિવાઈસ બંનેને પરત કરવામાં આવ્યા હતા. આ પ્રકરણને કારણે લોડ્ર્સમાં 2010 માં થયેલા કુખ્યાત સ્પોટ-ફિક્સિંગ કૌભાંડની યાદો તાજી થઈ ગઈ છે, જ્યારે સલમાન બટ, મોહમ્મદ આસિફ અને મોહમ્મદ આમિરને નો-બોલ ફેંકવાના બદલામાં બુકીઓ પાસેથી લાંચ લેવા બદલ જેલમાં મોકલવામાં આવ્યા હતા.

### લોર્ડ્સ ટેસ્ટમાં હાર બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ખેલાડીઓના ફોન જપ્ત કરી લેવાયા

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ અનુસાર, બોર્ડે કેટલાક ખેલાડીઓના મોબાઇલ ફોન અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કર્યા છે જે અંતિમ ટેસ્ટ મેચના અંત સુધી PCB ની કસ્ટડીમાં રહેશે. પાકિસ્તાની આઉટલેટ 365 ન્યૂઝના એક અલગ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક ખેલાડીઓએ તેમના મોબાઇલ ફોન PCBને સોંપી દીધા હતા, અને અંતિમ ટેસ્ટ સુધી આ ઉપકરણો બોર્ડની કસ્ટડીમાં રહેવાની અપેક્ષા છે. રિપોર્ટમાં સામેલ ખેલાડીઓની ઓળખ આપવામાં આવી નથી, જ્યારે PCB એ જાહેરમાં સમજાવ્યું નથી કે આ ઉપકરણો શા માટે લેવામાં આવ્યા હતા.

### શિસ્ત સંબંધી તપાસ શરૂ કરાઈ, મીડિયા અટકળોને ધ્યાને ન લેવાની જરૂર નથી : PCB મીડિયા ચીફ

લાહોર, તા. 07 : ઈંગ્લેન્ડ પ્રવાસમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમના ખેલાડીઓની શિસ્ત અંગે મીડિયામાં વધી રહેલી અટકળો વચ્ચે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ આજે સોમવારે આંતરિક તપાસ શરૂ કરવાની જાહેરાત કરી હતી. પીસીબીના મીડિયા ચીફ આમિર મીરે એક નિવેદનમાં તપાસ વિશે માહિતી આપી હતી પરંતુ કથિત શિસ્તભંગ કે તેમાં સામેલ ખેલાડીઓ વિશે કોઈ ચોક્કસ વિગતો આપી ન હતી. તેણે કહ્યું કે શિસ્ત અને આચરણ અંગે મીડિયા અહેવાલો બાદ, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આંતરિક શિસ્ત તપાસ શરૂ કરી છે. આ બાબતોની હાલમાં આંતરિક સમીક્ષા કરવામાં આવી રહી છે. પીસીબી આવા મામલાઓને તેની સ્થાપિત પ્રક્રિયાઓ અનુસાર હેન્ડલ કરે છે. તપાસ બોર્ડના નિયમો અનુસાર હાથ ધરવામાં આવી રહી છે અને સંબંધિત તમામ વ્યક્તિઓના મંતવ્યો પર યોગ્ય વિચારણા કરવામાં આવશે. પીસીબીના અધિકારીએ કહ્યું કે હાલમાં મીડિયામાં ફરતી અટકળો અને અપ્રમાણિત દાવાઓને ધ્યાનમાં ન લેવા જોઈએ. તેણે ઉમેર્યું કે બાહ્ય પ્રતિકૂળ સ્ત્રોતો તરફથી આવતા અહેવાલો પર વિશ્વાસ ન કરવો જોઈએ. તેણે સ્પષ્ટતા કરી કે પીસીબી આ બાબતે વધુ ટિપ્પણી કરશે નહીં.

## યુએસ ઓપન : અલ્કારાઝ, સબાલેન્કા અંતિમ આઠમાં

**મહિલા** સિંગલ્સમાં જેસિકા પેગુલા, લિન્ડા નાસ્કોવા, એમા નવારોની પણ ક્વાર્ટર ફાઇનલમાં એન્ટ્રી

**પુરુષ** સિંગલ્સમાં બેન શેલ્ટને સિતસિપાસને જ્યારે ફ્રાન્સિસ ટિયાફો મેદવેદેવને હરાવી અંતિમ આઠમાં

**સબાલેન્કા** યુએસ ઓપનમાં સતત છઠ્ઠીવાર ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી સેરેના પછી બીજી મહિલા ખેલાડી



ન્યૂયોર્ક., તા. 07 : યુએસ ઓપન 2026માં ટોચના ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝે ઈજામાંથી વાપસી કર્યા પછીનો પોતાનો પ્રભાવક દેખાવ જાળવી રાખીને અહીં ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને ટાઇટલ ડિફેન્ડ કરવાના પોતાના અભિયાનને વધુ આગળ ધપાવ્યું હતું. આ તરફ મહિલા સિંગલ્સમાં ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કાએ પણ અંતિમ 16 રાઉન્ડ જીતીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. પુરુષ સિંગલ્સમાં બેન શેલ્ટને સ્ટેફાનો સિતસિપાસ અને ફ્રાન્સિસ ટિયાફોએ ડેનિલ મેદવેદેવને હરાવીને અંતિમ આઠમાં નામ લખાવ્યું હતુ. જ્યારે મહિલા સિંગલ્સમાં જેસિકા પેગુલા, લિન્ડા નાસ્કોવા અને એમા નવારોએ પણ ક્વાર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી લીધી હતી.

અલ્કારાઝે અમેરિકન ટોમી પોલને 6-4, 6-3, 6-4 થી હરાવીને યુએસ ઓપનમાં સતત 11મો વિજય અને હાર્ડ કોર્ટ પર તેનો 18મો ગ્રાન્ડ સ્લેમ વિજય રહ્યો હતો, સાથે જ તે યુએસ ઓપનમાં પાંચમી અને ગ્રાન્ડસ્લેમમાં 15મીવાર ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. શેલ્ટને સિત્સિપાસને 6-2, 6-3, 6-4થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરીને બે દાયકાથી વધુ સમયમાં પ્રથમ પુરુષ ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન બનવાની અમેરિકન આશા જીવંત રાખી હતી. બીજી તરફ અન્ય એક અમેરિકન ટિયાફોએ પણ મેદવેદેવને 7-6, 6-4, 7-6થી હરાવી અંતિમ આઠમાં પ્રવેશ કર્યો હતો.

મહિલાઓમાં નંબર વન સબાલેન્કાએ ટેલર ટાઉનસેન્ડને સીધા સેટમાં 6-4, 6-3થી હરાવીને સતત છઠ્ઠી વખત યુએસ ઓપન ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો.હતો. 2016 માં અમેરિકન દિગ્ગજ સેલેના વિલિયમ્સ પછી સબાલેન્કા, ફ્લશિંગ મીડોઝમાં સતત છ સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ મહિલા છે. હવે તેનો સામનો વિમ્બલડન ચેમ્પિયન લિન્ડા નોસ્કોવા સાથે થશે, જેણે ત્રીજા સેટ સુધી ચાલેલા કઠોર મુકાબલામાં 11મી ક્રમાંકિત યુક્રેનિયન માર્ટા કોસ્ટ્યુકને 7-5, 5-7, 6-4થી હરાવી તેની પ્રથમ યુએસ ઓપન ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અમેરિકાની ત્રીજી ક્રમાંકિત જેસિકા પેગુલાએ રોમાનિયન ખેલાડી સોરાના સિર્સ્ટીઆના પર 6-3, 6-4 થી વિજય મેળવીને અંતિમ આઠમાં નામ લખાવ્યું હતું.

### યુએસ ઓપનમાં ટેલર ટાઉનસેન્ડે કાળા રંગના બોલ્ડ આઉટફિટ સાથે સૌનું ધ્યાન ખેંચ્યું



ટેલર ટાઉનસેન્ડ આર્થર એશ સ્ટેડિયમમાં યુએસ ઓપન રાઉન્ડ ઓફ 16ના મુકાબલા માટે આર્યના સબાલેન્કા સામે એવો પોશાક પહેરીને પહોંચી હતી કે જાણે તે ટેનિસના સૌથી મોટા સ્ટેજમાંથી એક પર નહીં પણ ફેશન રનવે પર પગ મૂકી રહી હોય. અમેરિકન મહિલાએ તેના વોક-ઓન માટે કાળા રંગના પોશાક સાથે સૌનું ધ્યાન ખેંચ્યું, જેમાં એક નાટકીય, વહેતું સિલુએટ હતું જે પરંપરાગત ટેનિસ દેખાવથી તરત જ અલગ પડી ગયું. આ પોશાકમાં ચળકતી, શિલ્પાત્મક ગુણવત્તા હતી, જેનાથી ટાઉનસેન્ડ કોર્ટ તરફ આગળ વધતી વખતે એક પ્રભાવશાળી હાજરી આપતી જણાઇ હતી.

## મલેશિયાના દિગ્ગજ ફૂટબોલર દાતુક અલીફે 72 વર્ષની વયે લગ્ન કર્યા

**અલીફે** 27 ઓગસ્ટના દિને 20 વર્ષની યુવતી સાથે લગ્ન કર્યા, ભાઇએ કહ્યું અલિફ હાલ હનીમૂન પર ગયા છે



કુઆલાલમ્પુર, તા. 07 : મલેશિયન ફૂટબોલ દિગ્ગજ અને માજી હરિમાઉ મલાયા સ્ટાર દાતુક અબ્દાહ અલિફે 72 વર્ષની ઉંમરે જીવનમાં એક નવો અધ્યાય શરૂ કરીને લગ્ન કર્યા છે. સોશિયલ મીડિયા પર લગ્નના ફોટા વાયરલ થયા પછી, તેમના પરિવારે આખરે સત્તાવાર રીતે આ સમાચારની પુષ્ટિ કરી છે. તેમણે 27 ઓગસ્ટના રોજ એક ખાનગી સમારોહમાં 20 વર્ષની યુવતી સાથે લગ્ન કર્યા હોવાનું કહેવાય છે. આ સમાચારની પુષ્ટિ અબ્દાહના નાના ભાઈ, માજી ખેલાડી અને કોચ દાતુક યુનુસ અલિફે કરી હતી. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, તેમના લગ્ન 27 ઓગસ્ટના રોજ થયા હતા. બંને પરિવારોએ આ જોડાણને તેમની સંમતિ અને સંપૂર્ણ આશીર્વાદ આપ્યા છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેઓ બંને હંમેશા ખુશ રહે. જ્યારે અબ્દાહ અલિફે તેમનો ફોન ઉપાડ્યો નહીં અથવા મીડિયા દ્વારા તેમનો સંપર્ક થઈ શક્યો નહીં, ત્યારે યુનુસે કહ્યું કે તે કદાચ તેમના હનીમૂન પર છે, તેથી તેઓ ફોનનો જવાબ આપી શકતા નથી.

## દુલીપ ટ્રોફી : ઈશાન કિશનની બેવડી સદીથી ઈસ્ટ ઝોનનો સ્કોર 708 રન

**ઇશાન** કિશન 270 રન બનાવીને આઉટ થતાં રમણ લાંબા અને ગગન ખોડાની ત્રેવડી સદીની ક્લબમાં જોડાતા ચૂક્યો



ચેન્નાઈ, તા. 07 (પીટીઆઈ) : ઈશાન કિશને ભેજવાળા હવામાનમાં શાનદાર બેટિંગ કરીને 270 રન બનાવતા ઈસ્ટ ઝોને સોમવારે અહીં દુલીપ ટ્રોફી ફાઇનલના બીજા દિવસે સાઉથ ઝોન સામે 708 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. આ ઈનિંગ સાથે, કિશને ભારતીય ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવાનો દાવો પણ કર્યો.

કુમાર કુશાગ્રએ પણ 132 બોલમાં 101 રન બનાવીને પોતાની છઠ્ઠી ફર્સ્ટ ક્લાસ સદી પણ ફટકારી અને લગભગ બે દિવસ સુધી ચાલેલી ૫૨૨ મિનિટ અને 334 બોલની મેરેથોન ઈનિંગ્સમાં કિશનને ઉત્તમ ટેકો આપ્યો. દિવસની રમત પૂરી થાય તેની થોડી મિનિટો પહેલા સાઉથ ઝોને ઈસ્ટ ઝોનની છેલ્લી વિકેટ લીધી. દિવસની ખાસ વાત કિશનની ઈનિંગ હતી જે ત્રણ રાષ્ટ્રીય પસંદગીકારોની હાજરીમાં રમાઈ હતી.

1987માં રમણ લાંબા અને 2001માં ગગન ખોડાએ અનુક્રમે ત્રેવડી સદી ફટકાર્યા બાદ, કિશન દુલીપ ટ્રોફીમાં ત્રેવડી સદી ફટકારનારા પસંદગીના બેટ્સમેનોના ક્લબમાં જોડાવાનું ચૂકી ગયો. કિશને પહેલા દિવસે 122 બોલમાં પોતાની સદી પૂરી કરી જ્યારે બીજી સદી માટે તેણે 148 બોલ રમ્યા. કિશને 270 બોલમાં પોતાની કારકિર્દીની બીજી ફર્સ્ટ ક્લાસ બેવડી સદી પૂર્ણ કરી. તે પછી તેણે ફક્ત 31 બોલમાં 200 થી 250 રન બનાવ્યા.

## ઈંગ્લેન્ડની વ્હાઈટ-બોલ ટીમના નિષ્ણાત માર્ગદર્શક તરીકે પીટરસનની નિયુક્તિ

લંડન, તા. 07 (પીટીઆઇ) : ઈંગ્લેન્ડના માજી કેપ્ટન કેવિન પીટરસનને આગામી વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વન ડે ક્રિકેટ વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની સફેદ બોલ ટીમોના નિષ્ણાત માર્ગદર્શક તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. પીટરસન આ મહિનાના અંતમાં શ્રીલંકા સામેની ટી-20 અને વન ડે સીરિઝ માટે મુખ્ય કોચ બ્રેન્ડન મેકુલમ સાથે જોડાશે. કોચિંગ સ્ટાફમાં માર્કસ ટ્રેસ્કોથિક, ટિમ સાઉથી, જીતન પટેલ અને સારાહ ટેલરનો પણ સમાવેશ થાય છે. તે આ વર્ષે ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાના વ્હાઈટ-બોલ પ્રવાસો, ત્યારબાદ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણે સીરિઝ અને વર્લ્ડકપમાં પણ ટીમ સાથે રહેશે. પીટરસને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં યોજાનાર વર્લ્ડકપમાં ટીમને મદદ કરવાનું કહેવામાં આવ્યું તે બદલ હું સન્માનિત થયાનું અનુભવું છું. 2014 પછી પહેલીવાર ફરીથી ઈંગ્લેન્ડની જર્સી પહેરવી મારા માટે ગર્વની ક્ષણ હશે.

## પાકિસ્તાની ચાહકોની બેશરમી : ક્રાંતિ ગૌડના જેન્ડર પર સવાલ ઉઠાવ્યા

દુબઇ, તા. 07 : એશિયા કપની ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં ભારતીય મહિલાઓની પ્રભાવક જીત પછી અચાનક એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જેણે મેચ કરતાં વધુ ધ્યાન ખેંચ્યું. વીડિયોમાં, સ્ટેન્ડમાંથી પાકિસ્તાની ચાહકો દ્વારા ભારતીય ખેલાડી ક્રાંતિ ગૌડ પર વ્યક્તિગત અને જાતીય ટિપ્પણીઓ કરવામાં આવી રહી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફરતા થયેલા વિડીયોમાં, ભારતીય ક્રિકેટરના લિંગ અને દેખાવ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરતા અવાજો સાંભળી શકાય છે, જેમાં વારંવાર દાવો કરવામાં આવે છે કે તે એક પુરુષ છે. વાયરલ ક્લિપમાં, કેટલાક પાકિસ્તાની પ્રેક્ષકોએ ક્રાંતિ ગૌડના શારીરિક બાંધાની મજાક ઉડાવતા સાંભળી શકાય છે, જેમાં તેઓ કહે છે તે 'આ રમી રહી છે, તે સ્ત્રી નથી પણ એક પુરુષ છે'. આવી અભદ્ર ટિપ્પણીઓ કરીને પાકિસ્તાની ચાહકો શું સાબિત કરવા માગતા હતા તે સમજાતું નથી.

### વર્લ્ડ પેરા આર્ચરી સિરીઝ

## શીતલ ફાઈનલમાં, સરિતા બ્રોન્ઝ મેડલ પ્લેઓફમાં

**કમ્પાઉન્ડ** મેન્સ ઇવેન્ટમાં તોમન કુમાર હાર્યો, હવે બ્રોન્ઝ મેડલ માટે ઇરાકના ખાદીમ સામે રમશે



અમદાવાદ, તા. 07 (પીટીઆઇ) : વર્તમાન વિશ્વ ચેમ્પિયન શીતલ દેવીએ આજે સોમવારે અહીં વર્લ્ડ તીરંદાજી પેરા સિરીઝ (સ્ટેજ 3)ના ત્રીજા દિવસે મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત ઈવેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો. જમ્મુની હાથ વગરની તીરંદાજ શીતલ સરિતાને 145-143થી હરાવીને ફાઇનલમાં પહોંચી હતી. હવે તેનો સામનો કઝાકિસ્તાનની આઈઝાદા સેદાન સામે થશે. સરિતા બ્રોન્ઝ મેડલ મેચમાં ચીનની વાંગ હુઇટિંગ સામે રમશે. કમ્પાઉન્ડ મેન્સ ઈવેન્ટમાં, વર્તમાન વિશ્વ ચેમ્પિયન અને વિશ્વ નંબર વન તોમન કુમાર ઈન્ડોનેશિયાના ટોચના ક્રમાંકિત કેન સ્વાગુમિલંગ સામે ૧૪૬-૧૪૪થી હારી ગયો. હવે તે બ્રોન્ઝ મેડલ માટે ઈરાકના અબ્બાસ ખાદીમ સામે રમશે. કેને ક્વાર્ટર ફાઇનલમાં ભારતના ગુરવિંદર સિંહને ૧૪૩-૧૪૧થી હરાવ્યો. પુરુષોની W1 શ્રેણીમાં ભારતનો પડકાર ત્યારે સમાપ્ત થયો જ્યારે પાંચમા ક્રમાંકિત આદિલ મોહમ્મદ નઝીર અંસારી અને નવમા ક્રમાંકિત નુરુદ્દીન પોતપોતાની મેચ હારી ગયા.

## શેફાલીને સેન્ડ ઓફ કરવા બદલ પાકિસ્તાનની ફાતિમા સના દંડાઈ

દુબઈ, તા. 07 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ આજે સોમવારે જણાવ્યું હતું કે, મહિલા એશિયા કપ દરમિયાન ભારતીય ઓપનર શેફાલી વર્માને આઉટ કર્યા પછી અપમાનજનક હાવભાવ કરવા બદલ પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાને તેની મેચ ફીના 10 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. શનિવારે ભારતની ઈનિંગની બીજી ઓવરમાં આ ઘટના બની હતી જ્યારે ફાતિમાએ શેફાલીને આઉટ કર્યા પછી પેવેલિયન તરફ જવાનો ઈશારો કર્યો હતો. ફાતિમાને ખેલાડીઓ અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટે આઈસીસી ચારસંહિતાના લેવલ 1 કલમ 2.5 ના ઉલ્લંઘન બદલ દોષી ઠેરવવામાં આવી હતી, વધુમાં, ફાતિમાના શિસ્તભંગના રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે કારણ કે આ 24 મહિનાના સમયગાળામાં તેનો બીજો ગુનો છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

સત્યમેવ જયતે





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઇલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.